## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના એવું નથી... મારે એક સ્માર્ટ વાઈફ હતી... તેને વધુ સ્માર્ટ બનાવવા મે એને સ્માર્ટ ફોન લઈ દીધો... તો એ ફોન વડે તેને મારાથી વધુ સ્માર્ટ માણસ મળી ગયો...

# પ્રવિણ રામ ગાંધીનગર ઉતર બેઠક પરથી ચૂંટણી લડશે

ગુજરાત વિધાનસભાની ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.ભાજપ પક્ષ દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે જેમાં ૧૦૦ થી વધુ બેઠકોના ઉમેદવારો ઉપર પસંદગીની મહોર મારી દીધી છે. પ્રથમ તબક્કા ચુંટણી માટે કાલથી ઉમેદવારો પોતાની ઉમેદવારી પણ નોંધાવશે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોના ઉમેદવાર હજુ સુધી ફાઈનલ થયા નથી. પાટનગરની આ બેઠક પર સૌ કોઈની નજર મંડરાયેલી છે. ત્યારે જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામ ગાંધીનગર ઉતર બેઠક પરથી ચુંટણી લડશે.

જેમ જેમ ચુંટણીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ તેમ રાત્રીના સમયે ઓટલા બેઠકો જામી રહી છે. શિયાળાની કાતીલ ઠંડીમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ હોવાથી કાર્યકરો મોડીરાત સુધી મતના ગણિત આંકડા ગણવા બેસી રહે છે.ત્યારે ગાંધીનગર શહેરમાં પણ ચર્ચાઓનો દોર ચારેબાજુ બરાબરનો જામ્યો છે. ઉમેદવારી કરવા થનગનતા ઉમેદવારોની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. ભાજપ-કોંગ્રેસ કોઈપણ પક્ષ દ્વારા ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ઉમેદવારો જાહેર કરી શક્યા નથી. છેલ્લી ઘડીએ ગાંધીનગરની બેઠકના ઉમેદવાર પક્ષ જાહેર કરે તેવી શકયતાઓ છે. જયારે ગાંધીનગર ઉતર બેઠક માટે બે ઉમેદવારો તો નોંધાઈ ચુક્યા છે. જેમાં આપ પાર્ટીના ઉમેદવાર તરીકે કોલવડા ગામના ખેડુત


ગુણવંતભાઈ પટેલ અને જન અધિકાર મંચના પ્રવિણ રામનો

સમાવેશ થાય છે. આ બંન્ને ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને બરાબરની ટક્કર આપશે. પ્રવિણરામ છેલ્લા ઘણા સમયથી ખેડતોના પ્રશ્નો, આશાવર્કરોની સમસ્યાઓ, બેરોજગાર યુવાનો, કોન્ટ્રાકટના કર્મચારીઓ, ફીકસ પગારના કર્મચારીઓના પ્રશ્નો અંગે લડત આપી ચુકયા છે અને સરકાર સામે કેટલાક પ્રશ્નોમાં સફળતા પણ મળી છે પ્રવિણરામ યુવાનોમાં લોકપ્રિય છે. ત્યારે આપ પાર્ટીના ઉમેદવાર ગુણવંતભાઈ પટેલ પણ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સારી એવી પકડ ધરાવે છે. રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવાર જાહેર કર્યા નથી ત્યાં સુધીમાં બે મજબુત ઉમેદવારો તો ગાંધીનગર ઉતર બેઠક લડવા માટે તૈયાર થઈ ગયા છે. ત્યારે જોવાનું રહે છે ભાજપ અને કોંગ્રેસ આ બેઠક માટે પોતાના કેવા મજબુત દાવેદાર મેદાનમાં ઉતારે છે. ત્યારે ગાંધીનગર બેઠક પર સૌ કોઈની નજર છે ત્યારે આ બેઠક માટે કશ્મકશનો જંગ જામશે તે નક્કી છે.

# સેક્ટરોમાં સ્વચ્છતા સાથી નિમવા જાગૃત નાગરિક પરિષદની ભલામણ

### મનપાના સ્વચ્છતા અભિયાનને અસરકારક બનાવવા પરિષદે સૂચનો કર્યા : જાહેર સ્થળોએ સફાઈ સુપરવાઈઝરોના નામ-સંપર્ક નંબર દર્શાવવા તથા જાહેરમાં કચરો બાળનારને દંડવા સૂચના

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા કેટલાક સેક્ટરોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જો કે આ સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક રીતે સફળ નીવડે તે હેતુથી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે.

શહેરમાં મનપા દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા જાગૃત નાગરિક પરિષદે સૂચવેલા સૂચનોમાં મુખ્ય રસ્તાઓની બંને સાઈડની ખુલ્લી જગ્યામાં ઝાડી ઝાંખરા પણ દૂર કરવા, રોડ પરની ધૂળને બ્રશથી સાફ કરવા, ફૂટપાથની પણ સફાઈ કરવા સૂચન કરાયા છે. વળી ચોકઠાદીઠ નાગરિકોમાંથી સ્વચ્છતા સાથી નિમી તેમના થકી સફાઈ કામદારોની કામગીરીનું મૂલ્યાંકન કરવા પણ પરિષદે સૂચવ્યુ છે. આ સાથે પરિષદે જાહેર સ્થળોએ સફાઈ કાર્યના સુપરવાઈઝરોના નામ-સંપર્ક નંબર પ્રદર્શિત કરવા, વ્હોટસએપ થકી તસવીરો વિગતો મેળવી શહેરમાં કચરો બાળતા તત્વોને દંડવા, નવા બાંધકામ તથા મરામતના સ્થળોએ સંબંધિત કર્મચારીઓની જવાબદારી સુનિશ્ચિત કરવા, સેક્ટરોના ખાલી પ્લોટ્સ તથા ખુલ્લી જગ્યાની નિયમિત સફાઈ કરવા તથા તેની પર ઓરડી બાંધી ચોકીદાર મૂકવા, રખડતા ઢોર હટાવવા તેમજ જંગલખાતા હસ્તક જગ્યાઓની પણ નિયમિત સફાઈ કરવા જેવા સૂચનો જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરવામાં આવ્યા છે.

# સે-૧૪ ખાતે બહુજન સમાજ પાર્ટીની જાહેર સભા યોજાઈ

### બસપાના હજ્જારો કાર્યકરો સભામાં હાજર રહ્યા

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ કોમન પ્લોટ ખાતે આજે સવારના સુમારે બહુજન સમાજ પાર્ટીની જાહેર સભા યોજાઈ હતી. જેમાં બહુજન સમાજ પાર્ટીના બસપાએ એસ.સી, એસ.ટી, ઓબીસી, માઈનોરીટી, ગરીબો, શોષિતો, પીડીતો, અલ્પસંખ્યકોનો અવાજ ઉઠાવતી આ એક જ પાર્ટી છે. જેથી સર્વ નાગરીકોને ભારે




હજ્જારો કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડતા મેદાન ખીચોખીચ ભરાઈ જવા પામ્યું હતું. આ બેઠકમાં રાષ્ટ્રીય અને પ્રદેશના હોદેદારો પણ ખાસ હાજર રહ્યા હતા.

ગાંધીનગર સેકટર-૧૪ ખાતે આયોજીત જાહેર સભાને સંબોધતા ગુજરાત પ્રદેશના પ્રભારી છટઠુરામે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે રાજયમાં બહુજન સમાજ પાર્ટી ત્રીજા વિકલ્પ તરીકે ઉભરી આવી છે. માત્રામાં મતદાન કરવા અહવાન કર્યું હતું. હાલની વર્તમાન સરકાર અને કેન્દ્ર સરકાર નાગરીકોને માત્ર જુઠા વચનો આપીને પ્રજાને છેતરી રહી છે. બહુજન સમાજ પાર્ટી એ ભાજપ અને કોંગ્રેસને એક સિક્કાની બે બાજુ ગણે છે. બંન્ને પાર્ટીમાં ગરીબો, પીડીતો અને મધ્યમવર્ગનું શોષણ થાય છે. છટઠુરામે નોટબંધીના મામલે ભાજપ સરકારને આડેહાથ લેતા કહયું હતું કે ભાજપ સરકાર દ્વારા નોટબંધીને એક વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે. છતા પણ કાળાનાણાનો હીસાબ મળ્યો નથી. નોટબંધી એ કાળાનાણાને સફેદ કરવાનું એક મોટું કૌંભાડ હતું. શહેરની શિક્ષિત પ્રજા આ વખતે કોઈપણ પક્ષના લોભ લાલચમાં ન આવે અને સાવધાન રહેવા જણાવ્યું હતું. આ સભામાં ડી.એમ.વાઘેલા ખજાનચી ગુજરાત, જસવંત મૈત્રેય ઝોન કોર્ડીનેટર, પ્રવિણભાઈ વાઘેલા પ્રભારી ગાંધીનગર જિલ્લા, ગોંવિદભાઈ રાઠોડ પ્રમુખ ગાંધીનગર ઉતર વિધાનસભા, દિપરાજભાઈ મહેરા પ્રભારી ગાંધીનગર દક્ષિણ વિધાનસભા, બસપાના ગાંધીનગર જિલ્લા પ્રમુખ ચિરાગ પરિખ, રમણલાલા સોનારા પ્રમુખ દહેગામ, જીવણભાઈ પરમાર પ્રભારી માણસા, તેમજ જિલ્લાભરના હોદેદારો, વિધાનસભાના હોદેદારો, અને કાર્યકરો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન બસપાના ગાંધીનગર જિલ્લા પ્રમુખ ચિરાગ પરીખે કર્યું હતું.

# સિવિલની ટીબી-ચેસ્ટ ઓપીડી પાસે ટપકતું પાણી કયારે બંધ થશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાંચ માળની આધુનિક ઓપીડી લાખો રૂપીયાના ખર્ચે તૈયાર કરાઈ અને આઠમાળની ઈમારત કરોડો રૂપીયાના ખર્ચે આધુનિક બનાવાઈ છે. તેમ છતા સિવિલમાં રોજ નવી



છે છતા પણ ઓપીડીમાંથી સમસ્યા બંધ થવાનું નામ લેતી નથી. ઓપીડી બિલ્ડીંગના બીજા માળે આવેલ ટીબી-ચેસ્ટ ઓપીડી વિભાગમાં છેલ્લા અઠવાડીયાથી પાણી ટપકે છે. કર્મચારીઓ આઘાપાછા હોય તો ડોલમાંથી પાણી ભરાઈને નીચે આવે છે. પાણીને પગલે દર્દીઓ લપસી જવાના કિસ્સા પણ સામે આવ્યા છે. ટીબી ઓપીડી દ્વારા પાણી બંધ કરવામાં



આવે તે માટે લેખિત જાણ પણ કરી છે તેમ છતા હજુ સુધી આ પ્રશ્નનો નિકાલ આવ્યો નથી. ત્યારે સિવિલના પીઆઈયુ વિભાગ દ્વારા એક સમસ્યાનો હલ કરવામાં આવે ત્યાં સુધીમાં નવી સમસ્યા ઉભી થઈ જાય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલ જિલ્લાકક્ષાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. જેને પગલે દર્દીઓનો ધસારો સતત વધી રહ્યો છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ સમસ્યાઓ ઉભી થતી રહે છે. સિવિલની છતમાંથી પાણી ટપકવાની સમસ્યા યથાવત રહેવા પામી છે.

સામાન્ય લીકેજને પગલે પાણી ટપકવાનું સામે આવે છે. જેમાં ટીબી ઓપીડી વિભાગમાં છેલ્લા ઘણા દિવસથી પાણી ટપકે છે. ટીબી વિભાગ દ્વારા તંત્રને લેખિત જાણ કરીને પાણી બંધ કરવા રજુઆત કરી છે તેમ છતા હજુ સુધી પાણી બંધ થવા પામ્યું નથી. કર્મચારીઓ પાણીની ડોલ ભરાઈ જાય તે ખાલી કરીને પાછી ગોઠવી દે છે. કર્મચારીઓ સામાન્ય કયાંક આઘાપાછા થાય તો પાણીની ડોલ ભરાઈને પાણી નીચે ઢોળાતા દર્દીઓ લપસી પડવાના કિસ્સા પણ ધ્યાને આવ્યા છે. સિવિલના ફલોર ચકાચક હોવાથી આમ પણ ફલોર પર લપસી જવાય તેવી સ્થિતિ જોવા મળે છે. ઓપીડી વિભાગમાં ટપકતુ પાણી સત્વરે બંધ થાય તેવી કર્મચારીઓ તેમજ દર્દીઓની લાગણી અને માંગણી છે.



ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૧૨ રાજપૂત ભવન ખાતે સમાજના ભાઈ બહેનોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં રાજપૂત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર શહેરના હજ્જારો રાજપૂત ભાઈ-બહેનોએ સહકારી ક્ષેત્રના આગેવાન અને ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાને ગાંધીનગર ઉત્તર કે દક્ષિણ વિધાનસભાના ભાજપના ઉમેદવાર તરીકે ટેકો જાહેર કર્યો હતો. આ પ્રસંગે ડૉ. રાણાએ વિકાસ અને સહકારના મુદ્દે સમાજ સરકારને કરશે સહયોગ તેવુ પણ જણાવ્યુ હતુ.

## પ્રક્રિયા આરંભાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૭ થી તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી ( જાહેર રજા સિવાય) સવારના ૧૧ થી બપોરના ૩ કલાક વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ સવારના ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર, જમીન સુધારણાની કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી હાથ ધરવામાં આવશે. તા. ૩૦-૧૧-૨૦૧૭ના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈપણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

ચૂંટણી અધિકારી, ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, કલોલ, પ્રાંત કચેરી, કલોલ, સરદાર બાગ પાસે, કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદારશ્રી, કલોલ, મામલતદાર કચેરી, સરદાર બાગ પાસે, કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર સમક્ષ તા. ૨૦-૧૧-૨૦૧૭ થી તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી (જાહેર રજા સિવાય) સવારના ૧૧થી બપોરના ૩ કલાક વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ સવારના ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ૩૮ કલોલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, કલોલ, પ્રાંત કચેરી કલોલ, સરદાર બાગ પાસે, કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવશે. તા. ૩૦-૧૧-૨૦૧૭ના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈપણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

ગાંધીનગર જિલ્લાની ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર(દ), ૩૬-ગાંધીનગર(ઉ), ૩૭-માણસા અને ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગમાં તા. ૧૪-૧૨-૨૦૧૭ના રોજ સવારના ૮થી સાંજના ૫ કલાક દરમ્યાન મતદાન યોજાશે, તેવું પાંચ વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

## તખ્તો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમુખ તરીકેની વરણીની જાહેરાત કરવામાં આવી શકે છે. રાહુલ ગાંધીએ જવાબદારી સંભાળી લીધા બાદ તેમની માતા સોનિયા ગાંધીની જવાબદારી ઓછી થશે. સોનિયા ગાંધી છેલ્લા ૧૯ વર્ષથી પાર્ટીના પ્રમુખ તરીકે છે. રાહુલ ગાંધીને ૨૦૧૩માં પાર્ટીના નાયબ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ડિસેમ્બરની શરૂઆતમાં રાહુલ ગાંધીને અધ્યક્ષ બનાવવાનો મતલબ એ છે કે, ગુજરાત ચૂંટણીના અંતિમ તબક્કામાં જાહેરાત કરશે. રાહુલ ગાંધીએ ખુબ જ સક્રિયરીતે ભાગ લીધો છે. કોંગ્રેસ આરણનીતિ હેઠળ ૨૦૧૯ની ચૂંટણીમાં રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરી શકે છે.

## રિલીઝ મોકુફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિયોકોમ ૧૮ મોશન પિક્ચર્સે સ્વૈચ્છિકરીતે ફિલ્મની રજૂઆતની તારીખને ટાળી દીધી છે. પહેલી ડિસેમ્બરના દિવસે આ ફિલ્મ રજૂ કરવાની યોજના હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરાયો છે. કેન્દ્રીય બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની પણ નોંધ લેવાઈ છે. સેન્સર બોર્ડના વડા પ્રસુન જોશીએ શનિવારના દિવસે જ આ ફિલ્મ પત્રકારોને દર્શાવવામાં આવ્યા બાદ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા ફિલ્મને તરત નિર્માતા પાસે મોકલી દેવામાં આવી હતી. કારણ કે પ્રમાણપત્ર માટેની અરજી અપુરતી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, અમે કાયદો અને વ્યવસ્થા તેમજ કાયદાકીય બાબતોનું સન્માન કરીએ છીએ.

## સમર્થન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જજ દલવીર ભંડારીની પસંદગી અટકી ગઈ છે. એક સીટ પર ચૂંટણી માટે ભારતના દલવીર ભંડારી અને બ્રિટનના ક્રિસ્ટફર ગ્રીનવુડની વચ્ચે સોમવારના રોજ પણ ચૂંટણીનું પરિણામ કંઈ આવ્યું નહીં. એવામાં ભારતની તરફથી ભંડારીને પસંદ કરવા માટે ફરીથી અભિયાન ચલાવામાં આવ્યું. યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં એક અનૌપચારિક વાતચીતમાં યુકે એ કહ્યું છે કે તેઓ સોમવારના રોજ મતદાનના એક રાઉન્ડ બાદ સંયુકત રાષ્ટ્રમાં આગળની વોટિંગ પ્રક્રિયા રોકવા પર વિચાર કરી રહ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ